Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઈકોનોમિક રેવલ્યૂશન

THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૩૧ ● તા. ૨૭.૦૭.૨૦૧૦ થી ૦૨.૦૮.૨૦૧૦ ● અષાઢ વદ ૦૧ થી અષાઢ વદ ૦૭ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## ૧૦ % નાં ફુગાવાના દરને નાથવા માટે નાણાંકીય નીતિ ચુસ્ત કરવા સ્પષ્ટ નિર્દેશ

નમસ્કાર મિત્રો,

વૈશ્વિક સ્તરેથી મિશ્ર સંકેતોની વચ્ચે ભારતીય બજારો એ અગાઉના સપ્તાહમાં ૩૦ મહિનાની ઊંચી સપાટી બનાવ્યા બાદ વિતેલ સપ્તાહમાં પણ આગેકૂચ જારી રાખી હતી. બીએસઈનો સેન્સેક્સ અને એનએસઈનો નિફ્ટી આંક સાપ્તાહિક ૧ ટકા વધીને અનુક્રમે ૧૮૧૩૦.૯૮ અને ૫૪૪૯.૧૦ બંધ રહ્યા હતા.

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

બીએસઈનો મેટલ ઈન્ડેક્ષ ૪ ટકા, જ્યારે કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્ષે ૨ ટકાનો વધારો દર્શાવ્યો હતો. બીજી બાજુ અત્યાર સુધી સારું પ્રદર્શન કરી રહેલ હેલ્થ કેર ઈન્ડેક્ષ દ્વારા ૧.૮ ટકાનો ઘટાડો દર્શાવવામાં આવ્યો હતો. મુખ્ય શેરોમાં અંબુજા સીમેન્ટ, ટાટા સ્ટીલ, ગેઈલ, આઈડીયા સેલ્યુલર, હિન્દાલ્કો, ભારતી એરટેલ અને સ્ટરલાઈટ ઈન્ડ.ના શેરોમાં ૪-૬ ટકા નો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે બીપીસીએલ અને એબીબીમાં ૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

અન્ય શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલ, એચસીસી, સેસાગોવા, યુકો બેંક, વિજયા બેંકના શેરોમાં ૬-૯ ટકા ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે સુગર સેક્ટરમાં મુખ્ય શેરોમાં રેણુકા સુગર અને બલરામપુર ચીનીમાં ૫ ટકા જેવો ઘટાડો નોંધાયો હતો.

અર્થતંત્રના વર્ષ ૨૦૧૦-૧૧ ના રિવ્યુની જાહેરાતમાં પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર સમિતિ દ્વારા સ્પષ્ટ સંકેત કરવામાં આવ્યા છે કે ૧૦ ટકાનો ફુગાવાનો દર કે જે નીતિ મુજબ ૫ ટકા જેટલા સહનશક્તિ સ્તરે રાખવામાં આવ્યો છે તે કરતા ડબલ હોવાથી આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ચોક્કસ વધારો કરવામાં આવશે તેવા સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા હતા. જો કે આરબીઆઈની ચુસ્ત નાણાંનીતિના વલણને અવગણીને પણ બેંકોના શેરોમાં તેજીનો પવન ફુંકાવાનો જારી રહ્યો હતો.

**બોનસ શેર વિશે રોકાણકારોએ જાણવા લાયક બાબતો**

**બોનસ શેર વિશે રોકાણકારોએ જાણવા લાયક બાબતો :** બોનસ શેર એ સામાન્ય રીતે રોકાણકાર વર્ગમાં એક હકારાત્મક સમાચાર તરીકે સ્થાન પામે છે. વધુમાં કોઈ કંપની બોનસ શેરો જાહેર કરે તેના લીધે જે તે શેરોમાં રોકાણકારોનું આકર્ષણ વધે છે. દયનીય છે કે બોનસ શેર વિશે રોકાણકારોમાં ઘણી મૂળભૂત બાબત વિશે ગેરસમજ પ્રવર્તી રહી છે અને બોનસ શેરની જાહેરાતને લઈને પણ ઘણા રોકાણકારો પોતાના ઈન્વેસ્ટમેન્ટ ડીસીઝન લેટ લે છે.

હકીકતમાં બોનસ શેર એ માત્ર એક એકાઉન્ટિંગ એન્ટ્રી માત્ર જ છે. પ્રેક્ટિકલી બોનસ શેર ફાળવણીથી રોકાણકારોને એક્સ્ટ્રા કંઈ મળતું નથી. આ તો પૈસા એક પોકેટમાંથી બીજા પોકેટમાં મુકવા જેવી વાત થાય છે.

કંપની પાસે જ્યારે રિઝર્વ હોય છે તો ઘણી કંપનીઓ આ રિઝર્વને કેપીટલાઈઝ અથવા નુડીકૃત કરવા માટે બોનસ શેર જાહેર કરે છે. આ બોનસ શેરનો એક રેશિયો નક્કી કરવામાં આવે છે. જેમ કે ૧:૧ એટલે કે એક શેરદીઠ એક શેર. જ્યારે ૧:૪ એટલે કે દરેક ૪ શેર વાળાને ૧શેર બોનસ અથવા વિના મૂલ્યે આપવામાં આવે છે. આ માટે કંપની બુક ક્લોઝર અથવા રેકોર્ડ ડેટ જાહેર કરે છે અને આ સમય દરમ્યાન જે રોકાણકારોનું નામ કંપનીના ફોલિયોમાં દેખાય તેને બોનસ શેરની ફાળવણી થાય છે અને આ રેકોર્ડ ડેટ બાદ તે શેરને એક્ષ-બોનસ થઈ ગયો કહેવાય છે.

આમ આ બોનસ શેર આપવાની સમગ્ર પ્રક્રિયા રિઝર્વનું કેપિટલાઈઝેશનમાં પરિણામે છે. કંપનીના પૈસા રિઝર્વ ખાતામાંથી 'શેરમૂડી' હેડીંગ નીચે બેલેન્સ શીટમાં આવી જાય છે.

બોનસ આપવાના અન્ય કારણોમાં બોનસ આપવાથી કંપનીનો ફ્લોટીંગ સ્ટોક વધે છે. એટલે કે બજારમાં ઉપલબ્ધ શેરોની સંખ્યા વધતા લિક્વીડીટી વધેછે. અને આમ રોકાણકારોનો રસ પણ વધે છે. ઉપરાંત બોનસની જાહેરાત સામાન્ય રીતે હકારાત્મક સમાચાર હોવાથી રોકાણકારોમાં કંપનીના શેર પ્રત્યે જાગૃતિ અને રસ વધે છે.

કંપની આ રોકાણકારોને નવાજવા માંગતી હોય ત્યારે અને અતિશય મોટા રિઝર્વ ફંડને પાછું ધંધામાં રિઈન્વેસ્ટ કરવાની યોજના ન હોય ત્યારે પણ બોનસ આપવામાં આવે છે. ઉપરાંત પ્રમોટરની કોઈ સ્ટ્રેટેજી હોય તો તે પણ બોનસ શેરો જાહેર કરવાનું કારણ બની શકે છે.

ઈન્ફોસીસ, ટીસીએસ જેવી મોટી કંપનીઓ એ રોકાણકારોને એક કરતા વધારે વાર બોનસ શેરો આપીને નવાજ્યા છે.

**યુરોપિયન બેંકો દ્વારા સ્ટ્રેસ ટેસ્ટને લગભગ સફળતાથી પાસ કરતા વૈશ્વિક બજારોમાં રાહતનું મોજું**

થિયરીકલી બોનસ શેર જાહેર કર્યા બાદ અને ફાળવણી કર્યા બાદ શેરના ભાવો પ્રમાણસર ઘટી જવા જોઈએ.

અનુસંધાન પા.નં.૭ ઉપર

## વૈશ્વિક પરિબળો, આરબીઆઈ પોલીસીમાં બદલાવ, એફ આઈ આઈનો નાણાકીય પ્રવાહ, પ્રથમ ત્રિમાસિક ગાળાનાં પરિણામો અને ચોમાસું બજારની ચાલમાં ભૂમિકા ભજવશે

**તા. ૨૬ જુલાઈ ૨૦૧૦ થી ૩૦ જુલાઈ, ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

આવનાર સપ્તાહમાં વૈશ્વિક પરિબળો બજારની ચાલ માટે મહત્વની ભૂમિકા ભજવશે. યુરો ટ્રેસ ટેસ્ટના પરિણામની અસર યુરો બજાર પર પડશે તેથી આપણે પણ નિરીક્ષણ કરવું પડશે કે યુરો બજાર ટેસ્ટ પરિણામને આધારે કેવી રીતે કાર્ય કરે છે, અને તે કેટલા ઝડપી રીકવર થાય છે. હવે સ્પેઈન, ગ્રીસ, જર્મન બેંક નકારાત્મક પરિણામો સાથે બહાર આવેલ છે.

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

તા. ૨૭ જુલાઈના રોજ આર બી આઈ પોલીસી રેટમાં બદલાવ આવનાર છે તેનું નિરીક્ષણ કરવું રહ્યું. જો કે બજારે ૨૫ બીપીએસ રેટ વૃધ્ધિને તો પહેલેથી ડીસ્કાઉન્ટ કરી નાખેલ છે જ. આપણે ૩ જી, બી ડબલ્યુ એ ઓકશનમાંથી આવનાર મોટા નાણાકીય પ્રવાહને કાબુમાં લેવાની જરૂર છે. જો કે કેટલાક નિષ્ણાતો તો ૫૦ બીપીએસ રેટ દર વૃધ્ધિની અપેક્ષા રાખી રહેલ છે. જો આમ બનશે તો ટૂંકા ગાળા માટે બજાર પર તેની અસરો વર્તાશે.

એફ આઈ આઈ દ્વારા જુલાઈ માસમાં લગભગ ૬૦૦૦ કરોડ રોકવામાં આવેલ છે. આ જ સમયે ડી આઈ આઈ એ ૩૬૦૦ કરોડ પાછા ખેંચેલ છે. જો એફ આઈ આઈ આપણાં બજારોમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે તો બજારની આ રેલી જળવાઈ રહેશે.

વરસાદ અપેક્ષા બહાર વરસેલ છે. જો કે ગુજરાતમાં બે દિવસથી વરસાદનો મુડ બરાબર જામ્યો છે. આવનાર દિવસોનું સારું ચોમાસુ ખાદ્ય ચીજોના ભાવ ઓછા કરવામાં મદદરૂપ થશે.

છેલ્લે, આવનાર સપ્તાહમાં મોટા ભાગની કંપનીઓનાં પ્રથમ ત્રિમાસીક ગાળાનાં પરિણામો આવી જશે. આ સપ્તાહે ડેરિવેટિવ્સ એક્ષપાયરી હોવાથી બજારમાં વધુ ચંચળતા જોવા મળશે. ઉંચી સપાટીએ સાવચેતી રાખવી.

**સેન્સેક્ષ ૧૮૧૩૧**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૬.૦૭.૧૦ – ૩૦.૦૭.૧૦)**

આ સપ્તાહે ૧૮૨૫૭ અને ૧૭૯૫૬ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૮૨૫૭ ઉપર ટકી રહે અથવા તો ૧૭૯૫૬ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

અનુસંધાન પા.નં.૨ ઉપર

## યુરોપની કટોકટી પછી હવે બજાર પર ઓછું થયેલ દબાણ, હવે નજર પાર્લામેન્ટ અને આરબીઆઈ પોલીસી પર

નિફ્ટી (૫૪૪૯)એ ૫૫ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો અને આમ સતત ત્રીજા સપ્તાહે ઉંચી સપાટી દર્શાવી છે એટલે કે માત્ર આઠ માસમાં જ ૪૭૮૬ની સપસાટીએથી વધીને ૫૪૭૭ની ૨૦૧૦ ની ઉચ્ચતમ સપાટી દર્શાવી છે. છેલ્લા ૩૦ માસની પણ આ ઉંચી સપાટી છે.

### પ્રભાકર વ્યુ



પ્રભાકર
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

હવે જો નિફ્ટી ૫૪૦૦ ની સપાટી જાળવી રાખવામાં સફળ રહે તો તે બ્રેકઆઉટ આપે અને તે પછીનો ઉપરનો શકય લક્ષ્યાંક ૫૫૨૫ અને ૫૬૦૦ રહે. જો તે નીચે તરફ ૫૩૫૦ની સપાટી તોડે તો શકય છે કે આપણે નીચે તરફ ૫૨૫૦ અને ૫૧૮૦ ની સપાટી જોઈ શકીએ. નિફ્ટીની લાંબાગાળાની મુવીંગ એવરેજ કે જે બજારને ટેકો પુરો પાડે છે તે ૨૦૦ ડીએમએ ૫૧૦૭ અને ૧૦૦ ડી એમ એ ૫૨૦૭ છે. જો ૨-૩ દિવસમાં નિફ્ટી ૫૨૨૦ નીચે બંધ ન આપે તો ખાસ નબળાઈ જણાતી નથી, તે રેન્જબાઉન્ડ રહી શકે અને હાલમાં પરિણામોની ઋતુ હોવાથી સ્ટોકબુકીંગ રહેવાની ભલામણ છે કારણ કે હાલમાં સેકન્ડ લાઈન સ્ટોકમાં પ્રોફીટ બુકીંગના કારણે ભાવ ઘટાડો થઈ રહેલ છે.

નિફ્ટી હાલમાં ૨૨.૭૮ના પીઈ રેશિયોથી ટ્રેડ થઈ રહેલ છે જયારે સી એન x ૫૦૦ છેલ્લા ૧૨ માસથી ૨૦.૧૪ના પીઈ રેશિયોથી દોરાઈ રહેલ છે જે ભવિષ્યમાં વિકાસ દર્શાવશે.

ગત સપ્તાહે અમોએ જણાવેલ કે રાજકીય ક્ષેત્રે, કોર્પોરેટ પરિણામોમાં અથવા તો રિફોર્મસ (તેલના ભાવો અંકુશમુક્ત કરવા) વગેરે કારણો બજારમાં નિરાશા આણી શકે પરંતુ એવા સંકેત છે કે ઓઈલ રિફોર્મ હાલમાં ટ્રેક ઉપર નથી પરંતુ હવે આપણે નજર રાખવાની છે સોમવારે અને મંગળવારે સંસદની ગતિવિધિ પર, આરબીઆઈની પોલીસી અંગેની મીટીંગ પર અને રિલાયન્સનાં પરિણામો પર. ગુરુવારે ડેરિવેટિવ્સ સેટલમેન્ટ છે અને શુક્રવારે નવાં શેર ડેરિવેટિવ્સમાં ટ્રેડ થવાનું ચાલુ થશે જેમાં એનએચપીસી, અદાણી પાવર અને શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

શેર કે જે ડેરિવેટિવ્સમાં દાખલ થઈ રહેલ છે તેવા એનએચપીસી અને અદાણી પાવર ખૂબ સારો દેખાવ કરશે અને એનએચપીસી લાંબાગાળાના રોકાણકારો માટે સારું મુલ્ય ધરાવે છે. આ કંપની હાલ ઉપલબ્ધ વિગતો મુજબ આવનાર ૩ વર્ષમાં તેની ઉત્પાદન ક્ષમતા બે ગણી એટલે કે ૨૦૧૩ની સાલ સુધીમાં હાલની ઉત્પાદન ક્ષમતા ૫૨૫૫ મેઘાવોટથી વધારીને ૯૮૭૭ મેઘાવોટ કરવા માટે આયોજન કરી રહેલ છે. જો કે એન એચ પી સી એમ એસ સી આઈ ઈન્ડેક્ષમાં નબળો દેખાવ દર્શાવી રહી હતી તે હવે ટેકનીકલી સારો દેખાવ દર્શાવી રહેલ છે અને આ શેરે ૪ માસની ઉચ્ચ સપાટી દર્શાવેલ છે.

**નિફ્ટી**

**ટેકો :** ૫૪૦૦-૫૩૫૫-૫૨૮૦

**પ્રતિકારક સપાટી :** ૫૫૦૦-૫૫૬૫-૫૬૧૦

**હકારાત્મક શેર :**

**સન ટીવી :** ખરીદો હાલનો ભાવ રૂ. ૪૩૪, ઘટાડે રૂ. ૪૨૯ થી ૪૩૩ વચ્ચે ખરીદો, સ્ટોપલોસ રૂ. ૪૧૧, લક્ષાંક રૂ. ૪૭૦-૫૦૦

**મારૂતિ વેચો :** બંધના ધોરણે ૧૩૪૫ ની સપાટી તોડે તો ૬ થી ૮ ટકા નીચે આવે તેવી શકયતા.

## ૨૬ જુલાઈ થી ૩૧ જુલાઈ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૪૩૫)**
**સેન્સેક્ષ (૧૮૧૩૧)**
**તા. ૨૩.૦૭.૧૦**

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી સંકેતકની દ્રષ્ટિએ નબળાઈ ચાલુ જ છે, પરંતુ ભાવો તરફ નજર કરતાં એમ લાગે છે કે આ એક વિશિષ્ઠ સાઈડવે એકશન છે અને જો નિફ્ટી ૫૩૫૦ ઉપર બંધ આપે તો જ આ ઉર્ધ્વગતિ ચાલુ રહે. હવે પછીનો તાર્કિક લક્ષાંક ૫૪૯૩-૫૫૧૧ છે.

બજાર અપેક્ષા મુજબ ચાલી રહેલ છે અને મહત્વનો ટેકો ૫૩૫૦ ઉપર છે અને હાલમાં અમારા લક્ષાંકની નજીકનો એટલે કે ૫૪૭૮ની સપાટી દર્શાવી રહેલ છે.

ટેકનીકલી સંકેતકની દ્રષ્ટિએ જોઈએ તો, હજુ પણ નબળાઈ ચાલુ જ છે. પરંતુ ભાવો તરફ દ્રષ્ટિ કરતાં ચાર્ટ દર્શાવે છે કે જયાં સુધી બજાર

અનુસંધાન પા.નં.૫ ઉપર

## આઈડિયા અને કાલીન્દી ટૂંકાગાળા માટે ખૂબ સારા જણાય છે

ગત સપ્તાહે નિફ્ટીએ ૨૯ માસની ઉચ્ચ સપાટીએ એટલે કે ૫૪૪૯ની સપાટીએ બંધ આપેલ છે અને આ ઈન્ડેક્ષમાં એક બ્રેકઆઉટ છે. જો ૫૩૫૦ ઉપર મજબૂતાઈથી ટકી રહે તો ૫૫૨૫ અને ૫૬૪૦ ની ઉંચી સપાટી હવે શકય છે. જો નિફ્ટી ૫૩૫૦ થી નીચેની સપાટી તોડે તો સાવચેતી રાખવા ભલામણ છે.

### હોટ ટોક



તન્મય જી. પુરોહિત
મો. ૯૮૫૦૬૯૫૯૯૪
CFA, MS-Finance
EMail: Web Blog :
www.tanmaygopal.com

આઈડિયા અને કાલીન્દીમાં હાલના ભાવની સપાટીમાં ૬ થી ૮ ટકા વૃધ્ધિ થાય તેમ જણાય છે.

**ટીનપ્લેટ : (રૂ.૮૧)**

આ શેર હાલમાં ડાઉન સ્લેન્ટીંગ રેકટેન્ગલ પેટર્નમાં ચાલી રહેલ છે જયાં ૭૦ થી ૯૦ની રેન્જ દર્શાવી રહેલ છે. આ શેર ફરી એક વાર ઉપરની સપાટીને સ્પર્શ કરે તેમ જણાય છે. તે બધી જ મુવીંગ એવરેજ ઉપર ટ્રેડ થાય છે જે તેની તેજીમયતા દર્શાવે છે.

આ શેર રૂ. ૮૦ થી ૮૧ના ભાવે ખરીદો, લક્ષાંક ૮૮ થી ૯૦ અને સ્ટોપલોસ રૂ. ૭૭ નીચે રાખો.

**જ્યોતિ લેબ : (રૂ.૨૭૪)**

એક માસ મજબૂતાઈ કેળવ્યા પછી હવે તે બ્રેકઆઉટ દર્શાવે તેમ જણાય છે. રૂ. ૨૭૫ થી રૂ. ૨૪૬ ની રેન્જ દર્શાવેલ છે જો આ શેર રૂ. ૨૭૬ ની સપાટી ઉપર ટકી જાય તો શકય છે કે ટૂંક સમયમાં જ રૂ. ૩૦૦ ની સપાટી દર્શાવે.

આ શેર રૂ. ૨૭૦ થી ૨૭૨ ના ભાવે વેચો, લક્ષાંક ૨૯૫, સ્ટોપલોસ રૂ. ૨૬૦ નો રાખો.

## ખટ્ટા-મીઠા સટ્ટા



\- નિશેષ જાની (મો) ૯૫૩૭૨૦૧૯૭૭

**નમસ્કાર મિત્રો,**

આવતા સપ્તાહ માટે નીચેનમુજબની ટ્રેડીંગ સ્ટ્રેટેજી રહેશે.

(૧) **આદિત્ય બિરલા નુવો :-** દૈનિક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડર બ્રેક આઉટ અને અઠવાડીક ચાર્ટ પર બાર રિવર્સલ વોલ્યુમ સાથે આપેલ છે.
**સ્ટોપલોસ :** ૭૭૦ **ટાર્ગેટ :** ૯૦૦

(૨) **આઈટીસી :-**
**સ્ટોપલોસ :** ૨૮૯ **ટાર્ગેટ :** ૩૧૩

(૩) **ઓગસ્ટ મહિના માટે નિફ્ટી ઓપ્શન સ્ટ્રેટેજી**
૫૩૦૦નો એક પુટ ખરીદો
૪૯૦૦ના બે પુટ વેચો

(૪) **ઓગસ્ટ મહિના માટે નિફ્ટી ફ્યુચર સ્ટ્રેટેજી**
૫૩૦૦ના બે પુટ વેચો
૫૫૯૦ સુધી હેજ કવર મળશે

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

## ઓગષ્ટ માસમાં નિફ્ટી ૫૯૦૦ ટેસ્ટ કરી શકે છે

શરદ કોટક